

## Cadaver Organ Donor Kantibhai Laxmanbhai Mangukiya



# अंगदान से तीन को मिला नया जीवन



# બ્રેઈનડેડ ખેડૂતનાં અંગદાનથી ત્રણ જણાને મળ્યું નવજીવન

# બ્રેઈનડેડ આધેડના અંગોના દાનથી ત્રણને નવજીવન અને બેને દૃષ્ટિ મળી

**બ્રેઈનડેડ** વરાછાના કાંતિભાઈ માંગુકીયાના પરિવારજનોએ અંગોનું દાન કરતા સુરતની મહિલાને અને સુરેન્દ્રનગરના યુવાનને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાઈ, જ્યારે લીવર અમદાવાદના યુવાનમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું



સુરત, ગુરુવાર : સુરતથી પાલીતાણા ગયેલા વરાછાના આધેડને બ્રેનડેડ જાહેર કરાયા બાદ તેમના પરિવારજનોએ તેમના સ્વજનના અંગોનું દાન કરી ત્રણને નવું જીવન અને બેને નવી દૃષ્ટિ આપી સમાજમાં દાખલો બેસાડ્યો છે. બ્રેનડેડ આધેડની બે કિડની સુરતની મહિલા અને સુરેન્દ્રનગર યુવાનમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લીવર અમદાવાદના યુવાનમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાએ જણાવ્યું હતું કે, મોટા વરાછામાં અનુશ્રન રેસિડન્સીમાં રહેતા કાંતિભાઈ વશરામભાઈ માંગુકીયા (ઉ.વ.૫૦) સામાજિક કાર્યક્રમમાં હાજરી આપવા માટે પાલીતાણા ગયા હતા. બસમાંથી ઉતર્યા બાદ તેમને ચક્કર આવતા તેઓ બેભાન થઈ ગયા હતાં. નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તેમને બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થતા ન્યુરોફિઝીશીયન ડૉ. ભાવેશ માંગુકીયાના સંપર્ક બાદ તેમને સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં કાંતિભાઈને ગઈકાલ બ્રેઈનડેડ જાહેર કરતા નિલેશભાઈએ તેમના પરિવારજનોને સ્વજનના અંગોના દાન વિશે સમજણ આપતા તેઓ રાજી થયા હતાં. ત્યારબાદ અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિઝીઝ એન્ડ રિસર્ચ સેન્ટરની ટીમે સુરત આવીને બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું હતું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદૃષ્ટિ ચક્ષુબેંકે સ્વીકાર્યું હતું. કાંતિભાઈની એક કિડની સુરતના વિભાબેન વલ્લભભાઈ વાડીયા (ઉ.વ.૪૫)માં તેમજ બીજી કિડની સુરેન્દ્રનગરના હરેશ વાલજીભાઈ પરમાર (ઉ.વ.૨૪)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. જ્યારે લીવર અમદાવાદના અમિતભાઈ પટેલ (ઉ.વ.૪૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. આવી રીતે કાંતિભાઈના અંગોના દાનથી ત્રણ વ્યક્તિને નવજીવન મળ્યું હતું. જ્યારે તેમની આંખોથી બે જણાને નવી દૃષ્ટિ મળી હતી.

## બ્રેનડેડ કાંતિભાઈના અંગોનું લાન્સનાયક હનુમંતથપ્પાને દાન કરવા સંપર્ક કરાયો હતો

ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાએ કહ્યું કે, બરફ નીચે છ દિવસ દટાયા બાદ જીવતા મળી આવેલા દેશના સપૂત લાંસ નાયક હનુમંથપ્પાને બ્રેનડેડ કાંતિભાઈની બે કિડની અને લીવરનું દાન આપવા માટે ડોનેટ લાઈફ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. લાંસ નાયક હનુમંથપ્પા દિલ્હીની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં. પરંતુ ડોક્ટરો દ્વારા લાંસ નાયક હનુમંથપ્પાને અંગોની જરૂરિયાત નહી હોવાનું જણાવવામાં આવ્યું હતું. જેથી બ્રેનડેડ કાંતિભાઈની બે કિડની અને લીવર અન્યોમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. કમનસીબે લાંસ નાયક હનુમંથપ્પા આજરોજ દિલ્હીની હોસ્પિટલમાં શહીદ થઈ ગયા હતાં.

# મોટાવરાછાના બ્રેઈનડેડ જાહેર કરાયેલા કાંતિ માંગુકિયાના અંગદાનથી ૩ને નવજીવન મળ્યું

સુરત, તા.૧૬



(તસવીર : પ્રદિપ ગોહીલ)

■ અનુસંધાન પાના ૧૧ પર

## ૫૦ વર્ષની વયના કાંતિ માંગુકિયા અકસ્માતે પડી જતાં બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું પરંતુ સારવાર કામિયાબ નીવડી નહીં

**મોટાવરાછાના બ્રેઈનડેડ...**

# મોત સામે હારી ગયેલા હનમન થપ્પાને અંગદાન માટે પ્રયાસ કરાયા હતા

છ દિવસ સુધી સિયાચિનના માઈનસ ૩૦થી ૫૦ ડિગ્રી ઠંડીમાં હીમમાં દટાઈ રહ્યા પછી બહાર આવેલા આર્મીના જવાન હનમનથપ્પાની દિલ્હીના આર્મી હોસ્પિટલમાં સારવાર દરમિયાન કિડની-લિવર સહિતના અંગો કામ કરતાં બંધ થઈ ગયા હતા અને તાત્કાલિક કિડની-લિવર ટ્રાન્સપ્લાન્ટેશનની જરૂરિયાત ઊભી થઈ હતી. આવા સમયે જ ડોનેટ લાઈફને મોટાવરાછાના કાંતીભાઈ માંગુકિયાની બે કિડની-લિવર અંગદાનમાં મળી હતી, ડોનેટ લાઈફના નિલેશ માંડલેવાળા દ્વારા દેશની સુરક્ષામાં ૨૪ કલાક માઈનસ ૫૦ ડિગ્રી તાપમાનમાં ફરજ બજાવતા અને દિલ્હી ખાતે સારવાર હેઠળના આર્મી જવાન હનમનથપ્પા માટે કિડની-લિવર આપવા પ્રયાસો કર્યા હતાં. જોકે, બાદમાં હનમનથપ્પાને મલ્ટિ ઓર્ગન ફેલ્યોર થતાં આર્મી હોસ્પિટલમાંથી અંગો મેળવવા કોઈ સંદેશ મળ્યો ન હતો. ઉલ્લેખનીય છે કે, જિંદગીને માત આપીને બહાર આવેલા હનમનથપ્પાને મોતએ માત આપતાં તેઓનું નિધન થયું હતું.



# બ્રેનડેડ આધેડનાં અંગદાન થકી ત્રણ વ્યક્તિને નવું જીવન અને બે વ્યક્તિને નવી દ્રષ્ટિ મળી

**મુળ સૌરાષ્ટ્રનાં કાંતિભાઇ માંગુકિયા બ્રેનડેડ થતા પરિવારે અંગદાન કર્યું : 'ડોનેટ લાઈફ'નાં નીલેશ માંડલેવાળાની પ્રશંસનિય કામગીરી**

# બ્રેઈન ડેડ વ્યક્તિના અંગદાનથી ત્રણને નવજીવન મળ્યું

સુરત: બ્રેન ડેડ માંગુકિયા પરિવારના સ્વજનના અંગોના દાન થકી ડોનેટ લાઈફે ત્રણ વ્યક્તિને નવ જીવન અને બે વ્યક્તિને નવી દ્રષ્ટિ આપી ઉમદા કાર્ય કર્યું હતું.

મોટા વરાછામાં રહેતા કાંતિભાઈ માંગુકિયા (ઉ.વ. 50)ની તબિયત લથડતાં તેમને તબીબોએ બુધવારે બ્રેઈન ડેડ જાહેર કરાતાં તેની જાણ ડોનેટ લાઈફને કરાઈ હતી. મૃતકના પરિવારજનોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી અપાઈ હતી. તેથી બ્રેનડેડ કાંતિભાઈના અંગોનું દાન કરવાની સંમતિ મળતાં સંસ્થાએ અમદાવાદની કિડની રિસર્ચ સેન્ટરના તબીબોની મદદ લીધી હતી. દાનમાં મળેલી કિડની પૈકી એક કિડની શહેરના વિભાબેન વસરામભાઈ વાણિયા (41) ને બીજી કિડની સુરેન્દ્રનગરના હરેશ પરમાર (24)માં તથા લિવર અમદાવાદના અમીત મહેતા (41)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. ચક્ષુદાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકે સ્વીકાર્યું હતું.

'' जवानी में रक्तदान, दिमाग के गुज़रजाने (ब्रेनडेड) किडनीदान, नेत्रदान ''

# બ્રેઈન ડેડ સામાજિક કાર્યકર કાંતિભાઈએ ત્રણ વ્યક્તિઓને આપ્યું નવજીવન



ખ્યાતિ જોશી તરફથી

સુરત, તા. ૧૧ : શહેરનાં મોટા વરાછા રોડ ખાતે રહેતા સામાજીક કાર્યકર કાંતિભાઈ માંગુકિયાએ મૃત્યુબાદ ત્રણ વ્યકિતઓનાં જીવનમાં નવો પ્રકાશ ફેલાવ્યો છે.

ગત આઠમી ફેબ્રુઆરીએ સુરતથી પાલીતાણા જવા બસમાં નીકળેલા સામાજીક કાર્યકર કાંતિભાઈ માંગુકિયા જયારે પાલીતાણા મુકામે બસમાંથી ઉતરવા જતા બસમાંથી પડી જતાં તેમને પાલીતાણામાં નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ ભાવનગરની મેરૂ નર્સિંગ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ત્યાં ઉપસ્થિત ડોકટરો દ્વારા સીટીસ્કેન કરાતા તેમને બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન તબીબોએ કર્યું હતું. કાંતિભાઈનાં પરિવારજનો સુરતમાં રહેતાં હોવાથી તેમને સારવાર અર્થે સુરત લવાયા બાદ શહેરની આયુષ આઈસીયુ એન્ડ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

સારવાર દરમિયાન ઉપસ્થિત ન્યુરોફિઝિશિયન ડૉ. ભદ્રેશ માંગુકિયા અને ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. આયુષ હોસ્પિટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાનો સંપર્ક કરીને તેમને કાંતિભાઈના બ્રેનડેડ અંગે માહિતી આપી હતી.

ડોનેટ લાઈફનાં સભ્યોએ પરિવારજનોને અંગદાનનો મહિમા જણાવી અંગદાન અંગે માહિતગાર કર્યાં હતાં. પરિવાજનો તરફથી અંગદાનની સંમતિ મળતાં અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટરના ટ્રાન્સપ્લાન્ટ કો. ઓર્ડિનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરીને કિડની અને લીવરનું દાન લેવામાં આવ્યું હતું. દાનમાં મેળવવામાં આવેલ કિડની પૈકી એક કિડની સુરતના વિભાબેન વસરામભાઈ વાણિયા(ઉ.૪૧) અને બીજી કિડની સુરેન્દ્રનગરના હરેશભાઈ પરમાર(ઉ.૨૪)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર અમદાવાદના અમિતભાઈ મહેતા(ઉ.૪૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાનની સમગ્ર પ્રક્રિયામાં કાંતિભાઈ માંગુકિયાનાં પત્ની કૈલાશબેન, પુત્રો કૌશિક અને મૌલિક, ભાઈ રમેશભાઈ, કાકા જીવરાજભાઈ સહિતનો માંગુકિયા પરિવાર ઉપસ્થિત રહ્યો.